# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ઘણાં ઘરની હાલત નથી સારી હોતી.
જરૂરત પ્રમાણે નથી બારી હોતી .

એ બારી મને કાચની ભીંત લાગે,
જ્યાં હરફર હવાની નથી જારી હોતી.

તેં કારણ કે બારીની ભાષા ન શીખી ,
એ તારી છે તો પણ નથી તારી હોતી.

નવી બારી મુકવા ન પોસાય કિંમત,
જૂની જોકે હિંમત નથી સારી હોતી.

જિતુ ત્રિવેદી.

## પાથેય

- રમેશ ઠક્કર

# કાચની દીવાલ..

કેટલાક વિરોધાભાસો ઉડીને આંખે વળગે એવા હોય છે.આપણે ત્યાં કહેવત છે કે "સોનાની થાળીમાં લોઢાની મેખ" સરસ મજાનું ઘર છે.રાસ રચીલું છે.ફર્નિચર છે.બધું જ હોય પણ એમાં જો શાંતિ ના અનુભવાતી હોય તો એનો કોઈ અર્થ રહેતો નથી.કવિ સરળ શબ્દોમાં કહે છે કે એવા ઘરોની દશા બહુ સારી નથી હોતી કે, જ્યાં જરૂરત પ્રમાણે બારી નથી હોતી ! બારી એટલે આપણા સુખનું કોઈક દ્વાર.ઘરમાં ટીવી છે,સોફાસેટ છે,ટી સેટ છે.માત્ર હું જ અપસેટ છું ! એવી જો દશા હોય તો પછી એ ઘર ગમે તેટલું આલિશાન હોય એની કોઈ મજા હોતી નથી.આપણે સહુ જાણે જાણે એક સ્પર્ધામાં જોડાઈ ગયેલા લોકો છીએ. આપણું સુખ બીજાના સુખ કરતા કેટલું વધારે?એની સતત સરખામણી થતી રહે છે.ઘર હોય એટલે એમાં હવાની અવર-જવર માટે બારી તો હોય જ.એમ જ જીવનમાં ખુશીઓની આવનજાવન માટે કેટલાક સંબંધો અનિવાર્ય છે આપણે એવી બારીઓને ખોલતા નથી.કે એવી બારીઓ રાખતા જ નથી..બંધિયારપણુ સૌ કોઈને સદી ગયેલું લાગે છે.

સારા નરસાનો ભેદ પારખવો મુશ્કેલ છે.જે દીવાલ હોય છે એ ઘણીવાર ક્ષિતિજો બની જાય છે.જે ક્ષિતિજો લાગતી હોય એ કોઈક મોટી સાઈઝની ભીંત હોય એવું પણ અનુભવાય.હકીકતમાં જે બારી કાચની ભીંત જેવી લાગે ત્યાં કોઈ પણ જાતની હરફર અનુભવી શકાતી નથી.કેટલાક સંબંધો પણ એવા હોય છે કે જે ખાલી સુશોભન માટેના જ હોય.એનું બાહ્ય સ્વરૂપ સરસ લાગે અંદરથી એ કોઈપણ રીતે ઉપયોગી ના હોય.કવિએ કાચની ભીંત એવી ઉપમા થકી આ બાબતને બરાબર ઉપસાવી છે.

દરેક પદાર્થની પોતાની એક ભાષા છે. બારીની પણ ભાષા છે.આપણે એ ભલે શીખી ના હોય,પરંતુ એનો પોતાનો એક શબ્દકોશ છે.અને એ પોતીકો હોય છે. એમાં તારાપણું કે મારાપણુ હોતું નથી. આપણે એ સંવાદ શીખીએ કે ના શીખીએ,એનાથી બારીને કશો ફરક પડતો નથી.બારી ભલે આપણી પોતાની હોય આમ છતાં ઘણી વાર એ આપણી પોતાની હોતી નથી !

માણસે નવી નવી પહેલ કરવી પડે છે.એમ જ નવા સંબંધોની શરૂઆત કરવી પડે છે.નવી બારી મૂકવા માટેની કોઈ કિંમત હોતી નથી.પોતાને પોષાય એવી કિંમતથી નવી બારી મૂકી શકાય.પોતાને અનુકૂળ હોય એ રીતે નવો સંબંધ પણ રાખી શકાય.જૂના માપદંડો કે જૂના અનુભવ જ હંમેશા સારા હોય છે એવું નથી હોતું.નવી બારી એટલે નવા વિચારો, અને એ ઉપર રચાતા નૂતન સંબંધો એ જ જીવનની નવી દિશા બની રહે છે.

# કેટલીક કહેવતો પર વિવેચન...



રંગ અને વ્યંગ
અનંત પટેલ

"બોલે તેનાં બોર વેચાય "

- સાદો અર્થ એવો કે તમારે કોઇપણ ચીજ વસ્તુનો વેપાર કરવો હોય તો તમારે એના માટે બોલવું પડે, લોકોને જણાવવું પડે, તેની સારી સારી જાહેરાત કરવી પડે...
- તમે એક જગાએ માત્ર બેસી રહો તો કોઇ ખરીદવા ન પણ આવે...
- તમારે તમારી વસ્તુની ગુણવત્તા/ઉપયોગિતા લોકોને બતાવવી પડે સમજાવવી પડે...
- માગ્યા વિના મા પણ ના પીરસે એમ બોલ્યા વિના કશું વેચાય નહિ.....
- ભૂખ લાગી હોય તો માતાને પણ મને ભૂખ લાગી છે એમ કહેવું જ પડે....
- છાશ લેવા જાઓ અને દોણી સંતાડો તો ના ચાલે..... જેમ વેચવા માટે બોલવું પડે એમ કશું ખરીદવા કે માગવા માટે પણ બોલવું તો પડે જ...
- તમે કોઇના ઘરે કે દુકાને જઇને મૌન ઉભા રહો તો તમે શું કામ આવ્યા છો એની કોઇને ખબર પડે જ નહિ....
- એક છોકરાએ નવો વેપાર શરૂ કર્યો તો કહે કે હું તો કંઇ બોલીશ જ નહિ... પરિણામે થોડા દિવસોમાં એનો ધંધો બંધ થઇ ગયો...
- લેનારને ગરજ હોય તો એ ખરીદવા આવે જ છે પણ વેચનારે પણ વેચવાની ગરજ બતાવવી પડે છે.. " ન બોલ્યામાં નવ ગુણ "
- વેચવા માટે જે બોલવાની વાત છે અને અહીંયાં જે ન બોલવાની વાત છે તે બંને અલગ અલગ છે...
- ઘણા બધા લોકો ચર્ચા/વાતો કરતા હોય ત્યારે તમે વિવાદમાં પડવા ન માગતા હોવ તો મૌન રહો એ ઉત્તમ કહેવાય...
- તમે જો મૌન રહો તો તમારા મોંઢામાં આંગળાં નાખીને બોલાવનારા લોકો ય હોય છે એટલે એમનાથી સાવધ રહેવું...
- જ્યાં સુધી તમને પૂછવામાં ન આવે ત્યાં સુધી બોલવું નહિ...
- નહિ બોલનારા લોકો માટે બધા " એ તો ભાઇ મીંઢા છે, મગનું નામ મરી પણ પાડે તેવા નથી " આવી કોમેન્ટ પણ પસાર થતી જોવા મળે છે...
- બહેનોને આ કહેવત બહુ ફાવે એમ નથી.....
  એ ગમે તેટલું નક્કી કરે તો ય કંઇને કંઇ બોલ્યા વગર રહી શકે જ નહિ...
- નવી વહુ આ નિયમ પાળવા જાય તો એ કદાચ એની વિરુધ્ધમાં પણ જાય......
- બોલે એનાં બોર વેચાય અને ન બોલ્યામાં નવ ગુણ આ બંને કહેવતોનો સ્વવિવેક અનુંસાર જ ઉપયોગ કરો તો તમને લાભ થાય....
- નહિ બોલવાને કારણે તમે ઘણા પ્રશ્નો અને સમસ્યાઓથી બચી જાવ છો....
- મારો મિત્ર ચીમન કહે કે મારે લોકોને ક્યારે ક્યારે ન બોલવું એ શીખવાડવા માટે ક્લાસ ખોલવા છે... તો એને મેં ના પાડી કે આવું નાટક ના કરાય તો ય એ માન્યો નહિ ને ક્લાસ ખોલ્યા તો બીજું કોઇ તો ઠીક એના ઘરનું ય એકે વ્યક્તિ ન આવ્યુ....
- ઘણીવાર કેટલાક લોકો આપણે તો ભાઇ ન બોલ્યામાં નવ ગુણ એનો ચુસ્ત રીતે અમલ કરીએ છીએ એમ કહેતા જાય છે અને જ્યાં ત્યાં બકવાસ કરતા જ જાય છે...

આપણને વારસામાં ઘણી બધી કહેવતો મળી છે જેનો આપણે સમજી વિચારીને ઉપયોગ કરવાનું રાખવું જોઇએ.

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com)

# આઇશ્રી સોનલમા : પૂર્ણ દિવ્યતા...પૂર્ણ સાધુતા... પૂર્ણ માનવતા

(તા.૨૫/૧૨/૨૦૨૨ના રોજ સોનલમાનો જન્મ દિવસ છે.)





પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

જેને બારે માસ અને બત્રીસ ઘડી સમાજહિતનું ચિંતન અને અનુભવ એજ એમની કેળવણી એવા આધ્યાત્મિક વ્યક્તિત્વ ધરાવતાં આઈશ્રી સોનલમા ‘ આઈમા ’ ના હાથમાં કાયા પલટ કરી નાખે તેવી અખૂટ ઉર્જા હતી. પૂજ્ય મોરારીબાપુએ આઈશ્રી સોનલમાને સૌરાષ્ટ્રના ૧૪ માનવરત્નોમાંના એક માનવ રત્ન કહ્યાં છે. એવા સોનલમાના દર્શન પૂ. બાપુએ વેરાવળ ખાતે કરેલ ત્યારે તેમના સાધુ હૃદયે આઈ સોનલમાના પિંડમાં ભોળપણ, શાણપણ, ડહાપણ, દર્પણ અને ચારણ અને આખા સમાજ માટેનું તર્પણ જોયેલું. તેમના વિશે બોલતા પૂજ્ય બાપુએ કીધું કે: ‘ એની ક્ષમા ધરતી જેવી...એની કરૂણાના આંસુડાં એ જળના કાવડ જેવા...આ બધું તો છે જ. એના હૃદયની આરપારતા આકાશ જેવી અને એના આશીર્વાદ હવા જેવા... આપ્યા હોય એક ને તો કેટલાયને અડીને જાય. એના આશીર્વાદ પવનનું રૂપ હતું. એની કરૂણા જળતત્વ જેવી હતી. ’ તેવા સોનલમાનો જન્મ પૂ.મોરારીબાપુએ જેને ‘સોનલ તીર્થ ધામ’ કીધું છે તેવા જૂનાગઢના કેશોદ તાલુકાના મઢડા ગામે ચારણકુળમાં સં.૧૯૮૦, પોષ સુદ-૨,ના રોજ થયેલો. આઈમા કોઈ મોટા ભાષાશાસ્ત્રી કે સાહિત્યકાર ન હતાં. પણ તેમનામાં કંઈક ‘પરમતત્વ’ હતું. તેમનાં પ્રવચનો હૃદય સોંસરવા ઉતરી જાય તેવાં સરળ અને સામર્થ્યપૂર્ણ હતાં. આઈમાએ સમાજના ઉત્થાન માટે ભણતરનો રાહ બતાવ્યો. તેઓ કહેતાં: ‘જીવનમાં વિધ્યા ન હોય તો છતી આંખે અંધાપો છે.’ તેમના વ્યાપક વિચાર જીવનના દરેક પાસાને સ્પર્શતા હતા. ‘...હું કહેવાતા ચમત્કારોમાં તો માનતી જ નથી. આંખ દેખે છે, કાન સાંભળે છે. નાક સૂઘે છે એ બધા ચમત્કારો જ છે ને!પ જુગાર એટલે વગર મહેનતે ધુતવાની વિધા..’ કહેતા તેમણે સુખી થવા માટે દારૂ, માંસ , જુગારનો ત્યાગ કરી ઈર્ષા તેજોદ્વેષથી ન પીડાતા પુરૂષાર્થ કરવા ઉપર ભાર મુક્યો. ગ્રૂહસ્થાશ્રમમાં પવિત્રતા, નીતિ અને ભજનનો ત્રિવેણી સંગમ પેદા કરવાનું કહેતા.

ટોફલરે કહ્યુ છે તેમ- ‘ નવી સંસ્કુતિના સર્જન માટે તો સમસ્ત પ્રજાની સમગ્ર શક્તિ લાગવી જોઈએ....’ વિનોબાએ તેને હિંસાની વિરોધી અને દંડ શક્તિથી ભિન્ન એવી ત્રીજી શક્તિ-લોકશક્તિ કહી છે. આઈમા ચારણોના લોકશક્તિરૂપી ઊર્જાસ્રોત જાણતા હતાં. તેમણે વિચાર્યુ કે નેશનલ –હાઈ વે દ્વારા આ ઊર્જાસ્રોત સુધી નહીં પહોંચાય. તેને માટે તો જન-જન સુધી પહોંચતી કરોડો પગદંડીઓ ખૂંદવી પડશે. લોકોની વચ્ચે જવું પડશે, લોકો સાથે સમરસ થવું પડશે, તેમનામાં જાગ્રુતિ આણવી પડશે. સોનલમાએ સમગ્ર ગુજરાત-રાજસ્થાનનો પ્રવાસ કરી લોકોના મન અને હુંદયને એકસુત્રમાં બાંધીને અટલ સંવાદિતા ને સચ્ચાઈનું જતન કરવાનું કીધું.

કન્યા શિક્ષણના આગ્રહી તેમણે કીધું કે: ...પૈસા, મકાન, બધું થઈ રહે (પણ) આપણી સંસ્કૃતિ ફરીને જાગે એવું ભણતર કન્યાઓને આપવું જોઈએ. ’’ સમાજ માટે કન્યા છાત્રાલયો, મંદિરના નિર્માણ માટે પોતાની પાસે જે હતું તે આપી દાનેશ્વરી તરીકે ઉભર્યાં.

૧૬મી સદીના ઈટલિયન દાર્શનિક અને વિજ્ઞાની ગેલેલિયો ગેલિલીએ કીધું હતું કે: ‘ આપણે લોકોને બહારથી કંઈ જ ન શિખવી શકીયે; પોતાની ભીતરથી જ તેની ખોજ કરી શકે તે માટે મદદ કરી શકીયે.’ આને અનુસરતાં આઈમાએ પણ સલાહ આપી કે: ‘ કોઈનો ઉધ્ધાર બીજું કોઈ કરે, એમ હું માનતી નથી. પોતાનો ઉધ્ધાર સૌએ પોતે કરવાનો છે. ભોમીયો તો માર્ગ બતાવે ચાલવાનું તો પોતે જ હોય છે. ’ મહાવીર સ્વામીની જેમ તેમણે પણ પોતાના આખા જીવન દરમિયાન લોકોને આત્મીક મુક્તિનો શાશ્વત સત્ય માર્ગ બતાવ્યો.. તેમના સાધનાકાળમાં પહેલો નિશ્ચય એ હતો કે પોતાના પુરુષાર્થ અને ઉત્સાહથી જ જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવવો પણ પરસહાયની અપેક્ષા રાખવી નહીં. માગણવૂતિની હિનતાને પડકારતાં બોલ્યા કે: ‘...જે માંગવા જાય, એને ઘરેથી રિધ્ધિ સિધ્ધિ બુધ્ધિ અને વ્રુધ્ધિ ઈ બધાંય ઉચાળા ભરીને હાલી નીકળે, મીઠાનો કાંકરો અને જુવારનો રોટલો ખાજો, પણ કોઈ માંગશો નહિ... માંગવાવાળાંઓને મેડીઓ ન હોય.’

આઈમાએ જમાનાને શાની જરૂર છે, એને પારખીને તેની સાથે ધર્મ-વિચાર જોડી દેતા કીધું કે : ‘ જીવનમાં સચ્ચાઈ આવશે તો શક્તિ આપ મેળે આવશે.’ બાળકને માના ધાવણમાંથી જ સચ્ચાઈના સંસ્કાર આપવા જણાવ્યું. કન્યા વિક્રય અંગે આઈમાએ જણાવ્યું કે : ‘ દિકરીને પાનેતર પહેરાવીને પીળા હાથ કરાવી દેવા, પણ કાવડીઉંય લેવું નહીં... લુહાણા પોતાના આંગણામાં જમાઈના ઘરનો ચોખાનો દાણો પણ પડવા દેતા નથી, ધોળે ધરમે પરણાવે છે અને એ બધા સુખી છે... ખરી રીતે દીકરીના પૈસા લેનારની સંપત્તિ ક્યાંય વધતી જોવામાં આવતી નથી. ઉલટાની ઘટે છે. માટે કન્યા વિક્રય તો સૌ કાઢી નાખજો...’

મહાવીર અને ઉપનિષદોની રાહે ચાલતાં આઈમા જાણતાં હતાં કે અહિંસાનો એક અંશ પ્રેમ છે અને બીજો અંશ કરુણા. તેમના પ્રવચનોમાં કીધું કે: ‘....પશુબલી ચડાવનારા તો બીજાંઓ કરતાં પણ વધારે દુ:ખી થતાં જોવામાં આવે છે... બિચારા ગરીબડાં બકરાં ઘેટાં આપણે આશરે હોય , તેને વહેમમાં પડીને ધરમને નામે મારીને આપણે આપણાં આઈમાઓના થાનક અભડાવ્યાં છે. એ થાનકોમાં કતલખાના ન કરવાનાં હોય...પૂજા એ હાડચામની ન હોય. આદર્શની હોય, ગુણની પૂજા હોય...ભજન કરો, શાસ્રો વાંચો, મીઠા નૈવેધ કરો...જે ધર્મમાં હિંસા હોય તે ધર્મજ નથી..’ તેમની આવી ઘણી બધી વાતો ધ્રુવ-તારક જેવી અચલ અને સમાજ માટે હોકાયંત્રરૂપ બની છે. આઈમાના જીવનમાં વૈશ્વિક નિયમો - પ્રેમ, મૈત્રી અને કરુણા એ નામો નહીં પણ ક્રિયાપદ હતાં.

ગાંધીજીની અસ્પ્રૂશ્યતાનિવારણ અને અહિંસા તો વિનોબાની ‘સ્પર્શભાવના’ ને સાર્થક કરતા હોય તેમ પોતાના ગામ મઢડામાં ઊંચનીંચના ભેદભાવ દૂર કરી તેમનું જીવન ધોરણ સુધારવા દારૂ, માંસથી દૂર રહેવાની સલાહ આપી. આજે પણ આ પરિવારો આઈમાના ઉપાસક છે અને દારૂ, માંસથી દૂર રહ્યાં છે. આમ, આઈમામાં અસ્પ્રૂશ્યતા અને ઊંચ-નીંચ વિશે બૌધ્ધિક તર્ક કરતાં ભાવનાત્મક તત્વ વધારે હતું.

તેમના વિચારો સ્પષ્ટ, અસરકારક અને નિર્ભય રીતે ખૂબજ સરળ અને માર્મિક ભાષામાં લોકો સમક્ષ મૂક્યા જે સમાજે વધાવી લીધા. તેઓ નીતિશાસ્રનો એક શ્લોકનો હંમેશા ઉલ્લેખ કરતાં: “ સો કામ પડતાં મૂકીને નિશ્ચિત સમયે જમી લેવું, હજાર કામ છોડીને નહાઈ લેવું, લાખ કામ મુલત્વી રાખીને દાન આપવાનું કાર્ય પ્રથમ કરી લેવું અને કરોડો કામ છોડી હરિ સ્મરણ ભજનનું કાર્ય સર્વ પ્રથમ કરવું.’’

ખલિલ જિબ્રાને લખ્યું છે કે: ‘ મેં આત્માનું અધ:પતન થતું જોયું છે કે જ્યારે માનવીએ અગવડ અને સગવડ ભર્યા રાહમાંથી પોતાની પસંદગી સગવડભર્યા રાહ ઉપર ઢોળી.’ માંડવી મુકામે પ્રજાસત્તાક દિને જાહેર જનતાને ઉદ્‌બોધન કરતાં આઈમાએ કહ્યું કે: ‘...જુના વખતમાં નાની નાની ઝૂંપડીઓમાં રહેતા ત્યાગી તપસ્વી ઋષિ મુનિઓની દોરવણી મુજબ આ દેશનો કારભાર ચાલતો હતો...પણ... ઝુંપડાવાળાઓને પણ વૈભવ-વિલાસનું આકર્ષણ થયું, એમાં લપટણાપ કલેશ કંકાસ વધ્યાંપ વેરજેર વધ્યાં..પરિણામ એ આવ્યું કે આપણે બીજાંઓના ગુલામ બન્યા...વિદેશોથી ઉતરી આવેલાઓનો ત્રાસ વધ્યો...પ્રજાનો આત્મા અકળાઈ ઉઠ્યો. એણે આર્તનાદ કર્યો. ઘા નાખી અને ભગવાને પ્રજાની ઘા સાંભળી અને ગાંધીજી આવ્યા... આજે આપણે સ્વતંત્ર છીએ, તે ગાંધીજીના તપનું પરિણામ છે...ગાંધીજીની જેમ જે જગતમાં ઝેર પચાવે અને વૈભવ વિલાસોથી અળગા રહે, તે સાચા ત્યાગી કહેવાય. ગાંધીજી તો ગયા, પણ ત્યાગની ભાવના અમર છે. એ ભાવનાને જીવનમાં ઉતારીએ, તોજ દેશમાં સુખ શાંતિ રહેશે, તો જ દેશ આગળ વધશે.’ એ વખતે આઈમાએ ગાંધીજી માટે પદ્મશ્રી દુલાભાયા કાગ દ્વારા રચિત કવિતા સૌને સંભાળાવી હતી:

“તારી ફોરમને સૌની ફોરમમાં ભેળવજે, અને તું થાજે બદબૂનો ધણી એકલો..
ફુલફુલના ઘાવોમાં સાથીને આગળ કરજે, તું સહેજે ધણોના ઘાવ એકલો...

સરદાર પટેલના અખંડ ભારતના નિર્માણ વખતે જુનાગઢના નવાબને તેમાં જોડાવા જણાવ્યું.

કહે છે કે ખ્રિસ્તી ધર્મના સ્થપાક ભલે ઈશુ ખ્રિસ્ત હોય, પણ તેને વ્યવસ્થિત રૂપ આપનાર, તેના સંચારક અને પ્રચારક સંત પૉલ જ હતા. તેમ પૂ.પિંગળશીભાઈએ આઈમાના અંતરંગ પરિચયની સાથે યુગકાર્યની પ્રતીતિ કરાવતું અને તેમના સમગ્ર જીવન ચરિત્રને આવરી લેતુ પુસ્તક ‘ માતૃદર્શન ’ એ અંદરના ધક્કાથી લખ્યું છે.

ગમે તે સંજોગોમાં પણ પોતનાઓ સાથે રહેવાની તેમની ભાવનાને કારણે તેઓ હરદ્વારમાં કાયમી સ્થાયી થવાનો વિચાર છોડી પોતાના સ્વજનો વચ્ચે સૌરાષ્ટ્રમાં આવી રહ્યાં અને કહ્યુ કે : ‘ઉધારાં લીધેલાં સ્વજનો કરતાં ભક્તિભાવવાળાં અને કુદરતી પ્રેમવાળાં સ્વજનોની નિકટમાં રહેવું, એ વધારે સારૂ છે. ’

તેઓ જાણતાં હતાં સંવાદિતતા હોય તો સામાન્ય વસ્તુ પણ ખીલી ઊઠે છે અને ન હોય તો મહાન ચીજો પણ મુરજાઈ જાય છે એટલે તેમણે સમગ્ર સમાજને સંવાદિતતા પૂર્ણ રહેવાની દ્રષ્ટિનો સંદેશો આપ્યો. બે પક્ષોને ક્યા પ્રશ્નો જુદા પાડે છે તે નહીં , પણ કંઈ બાબતો એક કરે છે તે અંગે વિચારીને આગળ વધતાં તેઓ સમાજમાંના હિતમાં મક્કમ અને ન્યાયપૂર્ણ રહ્યાં અને ખોટુ કે અન્યાયી અટકાવી જે કાર્ય કરાવ્યું તે સાચું અને ન્યાયપૂર્વક કરાવ્યું.

ચારણો અને ક્ષત્રિયો- ગરાસદારો તેમનો ગરાસ લઈ લેતાં ઊભી થયેલી વિષમ પરિસ્થિતિમાં આઈમા પાસે માર્ગદર્શન અને મદદ માટે આવતાં ત્યારે તેમણે સમાજમાં નવશક્તિનો સંચાર કરવા માટે અને તેમની અંદર રહેલી ઉર્જાને ચેતનવંતી બનાવી પુનઃ યોગ્ય દિશામાં વહેતી કરવા રામ ક્રુષ્ણ, દિલિપ અને ભગીરથ, હરિશ્ચંદ્ર ને રંતિદેવના દાખલાઓ આપી માંસ, મદિરા, અફીણથી અળગા રહેવા કહ્યું. આઈમાની આજ્ઞા અને આદેશોનું પાલન કરતાં આજે તે પણ સુખી છે.

ગાંધીજી કહેતા હતા કે તમારે તમારી જાત વિશે જાણવું હોય તો તમારી જાતને બીજાઓની સેવામાં લગાડી દો તેમ આઈમાએ ગૃહસ્થાશ્રમીઓ માટે બીજાંઓની સેવા એ સૌથી મોટો ધર્મ છે એમ કહેતા દરેકે પોતાની પાસે જે હોય, જે સ્થિતિમાં હોઈએ ત્યાં અને તેવી રીતે સૌની સેવા કરવા જણાવ્યું. પોતાનો પડછાયો બીજાના માટે છાંયડો બની જાય તે રીતે જીવન જીવવાનો સંદેશો આઈમાએ આપ્યો.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧

# પ્રાચીન ભારતનું સર્પવિજ્ઞાન





અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સર્પવિજ્ઞાનનો પ્રાચીનત્તમ નિર્દેશ અથર્વવેદમાં મળે છે. આમ પણ, આ વેદ જનસાધારણનો વેદ છે. મનુષ્ય માત્રને સ્પર્શતા વિષયોને એ સ્પર્શે છે. આવો એક વિષય છે - સર્પવિજ્ઞાન.

અથર્વવેદના દશ સૂક્તોમાં અને એમના ૬૮ મંત્રોમાં સર્પવિજ્ઞાન છે. એમના દૃષ્ટા બ્રહ્મષિઓ, ગુરુત્માન, અથર્વ અને સંતાતિ ઋષિ છે.

(૧) સર્પો ૩૩ પ્રકારના છે, તેમાંના કેટલાક આ પ્રમાણે છે :

અસિત - કાળોતરો

તિરશ્ચિરાજ - ત્રાંસી રેખાઓ વાળો

સ્વજ - વળગી પડતા

બભ્રુ - ભૂખરા રંગના

પૃદાકુ - ઉંદરને ખાઈ જનારા

વૈશાલય તલક - વિશાલાના પુત્ર તક્ષક

કૈરાત : વનમાં ભીલોની વસતીમાં રહેતા

પૃશ્નિ - શરીર પર ધબ્બા વાળા

ઉપતૃષ્ણા - ઘાસમાં છૂપાઈને રહેતા.

અણીક - બીજાને છેતરી રહેતા

અધાશ્વ - અશ્વની જેમ ઊછળીને વળગી પડે

દુર્વી - કડછી આકારની ફેણવાળા

તૈમાન - ભીંજાયેલી જમીનમાં રહેતા

અપોદક - રણના જેવી સૂકી જમીનમાં રહેતા

આલિંગી - શરીરને ચોંટી પડે

આસ્નિકીદાસી - કાળી નાગણ

સત્રાસાહ - ભયંકર ઝેરી. સંપર્કમાં આવે, એ તરત મરી જાય

દ્રુદષી -કરડે એટલે દાદર જેવા લાલ ગોલ ચકામા થાય

શ્વાતિ્ - કૂતરા એમને શોધી લે.

ખનિત્રિભા - જમીનમાં દર ખોદીને, એમાં રહે

ઉરુગુલા દુહિતા - શરીરનો નીચેનો ભાગ પહોળો હોય.

(૨) સર્પદંશના ત્રણ પ્રકાર છે : ત્રણેયમાં મરણની સંભાવના છે.

ખાત - ઊંડો ઘા.

અખાત - સાપના ઝેરનો સ્પર્શ થયો હોય.

સક્ત - સાપના ઝેરનો સ્પર્શ થયો હોય.

(૩) સર્પદંશની અસરો :

- શરીરમાં ઝેર ફેલાવા લાગે છે.

- વિષની દાહકતા અને વેદના હોય છે. તેનાથી શરીરના સાંધાઓ, મુખ વગેરે વિકૃત થઈ શકે છે.

- અંતે વિષય હૃદય ઉપર અસર કરી જાય છે.

(૪) સર્પદંશ થાય તો આ એના ઉપાયો છે :

- ઝેરને આગળ વધતું અટકાવવું, આગળ છેદ મૂકી દેવો,

- વિષનો વિષથી ઉપચારક ઝેરનું મારણ ઝેર.

- ડંખના ભાગને બાળી નાખવો.

- ડંખના ભાગને પોતાની દાઢથી કાપીને ઝેર ચૂસી લઈને ચૂંકી નાખવું.

- વિષની દાહકતા અને અસરો શમી જાય, એવી શાંતિ આપનારી ઔષધિઓનો પ્રયોગ કરવો.

(૫) સર્પગ્રહણ :

- સાપને પકડવો હોય તો, એને બળપૂર્વક મૂખેથી પકડવો, એની જીભ, દાંત, જડબુ ભીંસમાં આવી જાય.

(૬) સાવચેતી :

- અથર્વવેદમાં વિષશમનનું સૂક્ત છે, (૬-૫૬)

- સર્પની સંભાવના વાળા સ્થળો હોય, ઘર, ખેતર, ત્યાં રેતીને પાથરી દેવી. એ પહેલાં રેતીને ઉપર્યુક્ત મંત્રોથી અભિમંત્રિત કરવી.

તૃણની માળા બનાવવી અભિમંત્રિત કરવી અને પછી પ્રવેશ દ્વારે બાંધી દેવી.

- ગાયના છાણને અભિમંત્રિત કરીને દાટી દેવું.

- ગાયના છાણાની ધૂમાડી કરવી.